પોશીના તાલુકામાં વિભાજન બાદ ગુલ્લીબાજ શિક્ષકોની બોલબાલા

ખેડબ્રહ્મા

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકા ને વીભાજન કરી આશરે ચાર વર્ષથી નવો તાલુકોબનાવવા માં આવ્યો છે ત્યાર બાદ અવારનવાર શિક્ષણ વિભાગ શિક્ષકો ને નોટીસ આપે છે તેવી જ રીતે ગત માસમાં પોશીના તાલુકાની ૪ પ્રાથમિક શાળાઓ ઓનલાઈન હાજરી બાબતે ગંભીર ન હોવાનું સામે આવ્યું છે. અગાઉ અનેકવાર જાણ કરવા છતાં પોશીના તાલુકાની કેટલીક પ્રાથમિક શાળાઓએ નિયમ સામે આંખ આડા કાન કરતા નોટીસ ફટકારવામાં આવી છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ નોટીસ આપી ૫ દિવસમાં જવાબ રજૂ કરવા જે-તે પ્રાથમિક શાળાઓને જણાવ્યું છે. જવાબ રજૂ ન કરે તો આગળની કાર્યવાહી કરવા પણ જણાવી દેવામાં આવ્યું છે.

નોટીસના શબ્દો મુજબ શિક્ષક-શિક્ષિકાઓની પોર્ટલ પર ઓનલાઈન હાજરી ભરવામાં આવેલ નથી, જે ખુબજ ગંભીર બાબત છે. આ બાબતે તાલુકા તથા જિલ્લા કક્ષાએથી વારંવાર સુચના પહોંચાડી હોવા છતાં તેની અમલવારી કરવામાં આવી નથી. આ અંગે દુર્લક્ષતા દાખવનાર શાળાઓએ લેખિત ખુલાસો આપવાનો રહેશે.

કઈ પ્રાથમિક શાળાઓના શિક્ષકોને મળી નોટીસ

૧. નાની સોનગઢ પ્રાથમિક શાળા, તા.પોશીના (તા.૨૭-૬-૧૯ના રોજ (૧) પટેલ કિંજલકુમાર સી. (૨) પટેલ આશિષકુમાર એસ. (૩) પટેલ અરૂણાબેન એમ.ની હાજરી ભરવામાં આવેલ નથી)
૨. ખંઢોરા પ્રાથમિક શાળા, તા.પોશીના (તા.૨૭-૬-૧૯ના રોજ (૧) જયેશ જયંતીભાઈ સોલંકી (૨) સોલંકી ચિરાગભાઈ (૩) ખરાડી ભારતીબેન (૪) વણકર વસંતભાઈ આર. (૫) વસાવા પદમાબેન આર. નાઓની હાજરી ભરવામાં આવેલ નથી.)
૩. મોહબતપુરા પ્રાથમિક શાળા, તા.પોશીના (તા.૨૭-૬-૧૯ના રોજ (૧) ડામોર રત્નાભાઈ એન. (૨) સુતરીયા રેખાબેન બી. (૩) એસારી દિનેશભાઈ કે. (૪) સોલંકી સમીરકુમાર ડી. (૫) ખારોડીયા સબીરઅલી જી. (૬) મેમણ વસીમ (૭) પરમાર અંજનાબેન એમ. (૮) જોષી નિકુંજકુમાર એસ.ની હાજરી ભરવામાં આવી નથી.)
૪. મગરાફોળો પ્રાથમિક શાળા, તા.પોશીના (તા.૨૬-૬-૧૯ના રોજ કોમલ અમૃતલાલ પ્રજાપતિની હાજરી ભરવામાં આવેલ નથી)

ઈડર તાલુકામાં ઘરફોડ ચોરી કરનાર ગેંગના ૧૦ સાગરીતો એલસીબીના સકંજામાં

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લામાં ઈડર પંથક સહીત અન્ય ઠેકાણે ઘરફોડ ચોરી કરી તે મુદામાલ કેટલાક વેપારીઓને વેચી દેવાતો હોવાની બાતમીને આધારે સાબરકાંઠા એલસીબીએ અંદાજે ૧૦ સાગરીતોને દબોચી લઈને સોમવારે હિંમતનગર લાવી વધુ પુછપરછ હાથ ધરી છે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા સહીત અરવલ્લી અને અન્ય જિલ્લાઓમાં કેટલાક તત્વો અગાઉથી રેકી કરીને ઘરફોડ ચોરી કરી સોના-ચાંદીના દાગીના તથા રોકડ લઈને ભાગી જતા હતા. જોકે જે તે સમયે થયેલી આવી ચોરીઓ અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી.

દરમ્યાન સાબરકાંઠા એલસીબીને આવી ઘરફોડ ચોરીઓમાં સંડોવાયેલા રાજસ્થાન અને ઈડરમાં રહેતા કેટલાક સોની વેપારીઓ ચોરાયેલો આ માલ ખરીદતા હોવાની બાતમીને આધારે એલસીબીએ રવિવારે રાત્રે અને સોમવારે અંદાજે ૧૦ સાગરીતોને દબોચી લઈ હિંમતનગર લઈ આવી હતી અને આ સાગરીતોએ ક્યા અને ક્યારે કેટલી ચોરીઓને અંજામ આપ્યો હતો તેની વિગતો તેમની પાસેથી ઓકાવી રહ્યા છે. જોકે એલસીબીએ હાલના તબક્કે તપાસ ચાલુ હોવાનુ કહીને કઈપણ વિગત આપવાનો ઈન્કાર કરી દીધો છે.

અરવલ્લી જિલ્લામાં બેફામ ગતિએ દોડતા વાહનચાલકોની ખેર નથી

મોડાસા, તા. ૧૬

નેશનલ હાઈવે, રાજય ધોરીમાર્ગો અને શહેરના રોડ પર બેફામ ગતિએ વાહન હંકારી

વાહનચાલકો હંકારી નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે. શહેરી વિસ્તારોમાં તો લબરમૂછિયા યુવકો ધૂમ સ્ટાઈલ વાહનો હંકારી નગરજનોમાં ભયનો માહોલ સર્જી રહ્યા છે. અરવલ્લી જીલ્લા ટ્રાફિક પોલીસે સ્પીડગન ના સહારે ૨૪ કલાકમાં રોડ પર ગતિમર્યાદાનું ઉલંઘન કરતા ૨૫ વાહન ચાલકો વિરુદ્ધ કેસ કરી સ્થળ પર ૧૦હજાર રૂપિયા વસુલ કરવામાં આવ્યા હતા.

અરવલ્લી જીલ્લા ટ્રાફિક પી.એસ.આઈ. જાડેજાના જણાવ્યા અનુસાર, રાજય સરકાર તરફથી જીલ્લા ટ્રાફિક પોલીસને અત્યાધુનિક સ્પીડગન ફાળવવામાં આવી છે જેથી જીલ્લાના માર્ગો પરથી પુરપાટ ઝડપે દોડતા વાહનચાલકો સામે તેઓ ચોક્કસ કેટલી ઝડપે વાહન દોડાવી રહ્યા છે. તેની સ્પીડરેટ જીલ્લા ટ્રાફિક પોલીસની સ્પીડ ગનમાં નોંધાઈ જશે અને જેતે વાહન ચાલક કે જે ઓવરસ્પીડ દોડી રહ્યા હોય તેમની સામે સરળતાથી કાનૂની કાર્યવાહી કરી શકાશે એ રીતે ઓવરસ્પીડ દોડતા વાહનોને લીધે થતા માર્ગ પરના અકસ્માતોનું પ્રમાણમાં ઘટાડો થશેનું જણાવ્યું હતું.

અરવલ્લી જીલ્લા ટ્રાફિક પોલીસે જીલ્લાના વિવિધ માર્ગો પર સ્પીડગનના સહારે બેફામ ઓવર સ્પીડે દોડતા ૨૫ વાહન ચાલકો વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરી સ્થળ પર દંડ ફટકારી વસુલવામાં આવતા ગતિમર્યાદાનો ભંગ કરી પસાર થતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો.

ડીસા શહેર વાલી હિતરક્ષક સમિતિ દ્વારા ગુરુપૂર્ણિમા પર્વની સાર્થક ઉજવણી

ડીસા

ડીસા ખાતે કાર્યરત ડીસા શહેર વાલી હિતરક્ષક સમિતિના ઉપક્રમે ડીસા શહેરના પછાત મનાતા રિઝમેન્ટ વિસ્તારની

ઝવેરીનગર પ્રા. શાળામાં વાલી હિતરક્ષક સમિતિના પ્રમુખ વસંતભાઈ ગોસ્વામીના અધ્યક્ષસ્થાને વિદ્યાર્થી-વાલી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ડીસા ખાતેના તાલુકા આરોગ્ય અધિકારી ડો.જીજ્ઞેશભાઈ હરિયાણી અને તેમની ટીમે બાળકો અને વાલીઓને આરોગ્ય જાળવણી તેમજ આકસ્મિક દુર્ઘટનાઓ વખતે બચાવ કામગીરી સંદર્ભે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ અવસરે સ્થાનિક જાગૃત અગ્રણી છગનભાઈ રાજપૂત દ્વારા શાળાના તમામ શિક્ષક ભાઈ - બહેનોનું સાલ ઓઢાડી સન્માન કરી ગુરુ પૂર્ણિમાની સાર્થક ઉજવણી કરાઈ હતી. વાલીઓ દ્વારા સન્માન થતા શાળા પરિવાર પણ ભાવ વિભોર બન્યો હતો.શાળાના આચાર્ય દશરથગીરી ગોસ્વામી, શાળા પરિવાર તેમજ વાલી હિતરક્ષક સમિતિના નવીનભાઈ ધર્માણી અને પ્રહલાદજી ઠાકોરે પણ કાર્યક્રમની સફળતામાં સહભાગી બન્યા હતા.આ કાર્યક્રમમાં જાગૃત વાલીઓ પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુર જનસેવા કેન્દ્રમાં આધારકાર્ડ માટે અરજદારો બે દિવસ સુધી રાહ જોવી પડે છે

એક જ કોમ્પ્યુટર સિસ્ટમ હોવાથી રોજ ૫૦ ટોકન જ અપાય છે

જિલ્લા મથક પાલનપુરમાં જનસેવા કેન્દ્રમાં છેલ્લા કેટલાય દિવસોથી આધાર કાર્ડના કામકાજ માટે અરજદારોને મુશ્કેલી વેઠવી પડે છે પાલનપુર શહેર અને

તાલુકના અરજદારોને આધારકાર્ડ અને આવકના દાખલા માટે જનસેવા કેન્દ્ર માંકલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા છતાં પણ બે બે દિવસ સુધી ધરમ ધક્કા ખાવા પડે છે મહત્વની વાત એ છે આધારકાર્ડના કામ કાજ માટે સવારે ૭ વાગ્યે લોકો જન સેવા કેન્દ્રમાં પહોંચી જાય છે અને સરકારી કચેરીના સમય પહેલા લોકોની ભીડ જામી છે માત્ર એક જ કોમ્પ્યુટર સિસ્ટમ પર આધાર કાર્ડનું અપલોડનું વર્ક થતા ૧૦૦ થી વધુ અરજદારો ની ભીડ જામે છે હાલમાં શાળામાં અભ્યાસ કરતા વિધાર્થીઓ માટે જરૂર ડોક્યુમેન્ટ માં આધાર કાર્ડ નું ખૂબ જ મહત્વ હોય છે ત્યારે વાલીઓને બાળકો પણ શાળા ના અભ્યાસ થી વંચિત રહી આધાર કાર્ડ બે બે દિવસ આંટાફેરા કરી છે સગર્ભા મહિલા અને દિવ્યાંગ લોકો માટે પણ અલગ વ્યવસ્થા અભાવે અવગડતા ભોગવી પડે છે એવામાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આધાર કાર્ડની વ્યવસ્થામાં ઝડપી કામકાજમાં સુધારો લાવા માટે લોકોએ માંગ કરી છે.

પાલનપુરમાં જનસેવા કેન્દ્રમાં લોકોને આધારકાર્ડ ને લઈને પડતી મુશ્કેલી અંગે પાલનપુરના મામલતદાર ભવ્ય નિનામાએ સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૫ ની પાલનપુર ની ચાર લાખ એકાવન હજાર આઠ નીજન સંખ્યા સામે પાંચ લાખ નવ હજાર સાઈઠ લોકો ને આધાર કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે જો કે હાલમાં જનસેવા કેન્દ્રમાં એક જ આધારકાર્ડ માટે સિસ્ટમ હોવાથી લોકો મુશ્કેલી પડી રહી છે જો કે ઉચ્ચ કક્ષાએ આ બાબતે લેખિત માં રજુઆત કરી આધાર કાર્ડ માટે વધુ સિસ્ટમ ની માંગ કરી છે..

ધનસુરા એસીઈ ઇન્ટરનેશનલ સ્કૂલમાં ગુરૂ પૂર્ણિમાની ઉજવણી

ધનસુરા એસીઈ ઇન્ટરનેશનલ સ્કૂલના ખાતે ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. દેશભરમાં ગુરૂ પૂર્ણિમાની ઉજવણી વિવિધ રીતે કરવામાં આવી હતી. ત્યારે ધનસુરા એસીઈ ઇન્ટરનેશનલ સ્કૂલના ખાતે પણ ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના બાળકોએ વિવિધ કાર્ડ બનાવી શિક્ષકોને આપ્યા હતા. બાળકોએ શિક્ષકોને થેંક્યું કાર્ડ બનાવી આપ્યા હતા. આ કાર્યક્રમમાં સ્કૂલના આચાર્ય રાજકુમારી રાઠોડ અને સ્કૂલના શિક્ષકોએ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

હિંમતનગર પ્રેસ કલબના હોદેદારો વરાયા...

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં હિંમતનગર પ્રેસ કલબની મીટીંગ હિંમતનગરના વિશ્રામગૃહમાં મંગળવારના રોજ મળી હતી જેમાં સન ૨૦૧૯-૨૦ ના હોદેદારોની વરણી કરવામાં આવી હતી.પ્રમુખ તરીકે મગનજીત વણઝારા અને મંત્રીપદે શૌલેષ ચૌહાણની બિનહરિફ વરણી કરવામાં આવી હતી.

જગાણા પાસે અકસ્માતમાં વિદ્યાર્થીનું ઘટનાસ્થળે મોત

પાલનપુરના જગાણા પાટીયા પાસે બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં સાગ્રોસના ગામના બાઈક સવાર વિદ્યાર્થીનું ઘટના સ્થળેજ મોત નીપજતાં ગામમાં શોક છવાયો હતો. જગાણા સરકારી એન્જીનિયરીગ કોલેજ સામે ગત બપોરે બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પાલનપુર તાલુકાના સાગ્રોસણા ગામનો ધવલભાઈ સુરેશભાઈ ભૂતડીયા સિદ્ધપુર કોલેજ કરતો હતો. જે ગતરોજ બાઈક લઈને કોલેજથી પોતાના ગામ પરત જઈ રહ્યો હતો. ત્યારે ટ્રકની ટક્કરથી ગંભીર ઈજાઓ થતા તેનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. બનાવના પગલે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા દરમિયાન તાલુકા પોલીસે દોડી આવી મૃતદેહને પીએમ અર્થે મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

શામળાજી મંદિરમાં ભક્તોની ભીડનો લાભ ઉઠાવી

અછોડા તોડતી ઉદેપુરની મહિલા ગેંગનો પર્દાફાશ : ૩ લૂંટારુ મહિલા ઝડપાઈ

શામળાજી

અરવલ્લી જીલ્લા સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં પૂનમના દિવસે હજજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાન કાળીયા ઠાકોરના દર્શનાર્થે ઉમટે છે ગુરુ પૂર્ણિમાનું હિન્દૂ સંસ્કૃતિમાં વિશિષ્ઠ મહત્વ હોવાથી દર વર્ષે હજજારોની સંખ્યામાં શામળાજી મંદિરે ભક્તોનું ઘોડાપુર ઉમટે છે ભક્તોની ભીડનો લાભ ઉઠાવવા રાજસ્થાનના ઉદેપુરની નાથ અને કાલબેલિયા ગેંગની મહિલાઓની જુદી-જુદી ટીમોએ ત્રાટકી બે મહિલાના ગળા માંથી દોરા તોડવામાં સફળ રહેલી મહિલા ગેંગના સભ્યો વધુ મહિલાઓને શિકાર બનાવે તે પહેલા ૩ મહિલાઓ ભક્તોના હાથમાં ઝડપાઈ જતા ભારે હોહા મચી હતી ગેંગની અન્ય મહિલાઓ ભાગી છૂટવામાં સફળ રહેતા ગેંગનો ભોગ બનેલી બે ભક્ત મહિલાઓની ફરિયાદના આધારે શામળાજી પોલીસે ૩ મહિલાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી અછોડા તોડ ગેંગની મહિલાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ઉત્તર ગુજરાતમાં કાલબેલિયા ગેંગ અને નાથ ગેંગના સભ્યો ઘરફોડ ચોરીમાં પોલીસતંત્રને હંફાવી રહી છે ત્યારે બંને ગેંગની મહિલાઓ પણ મંદિરમાં દર્શનાર્થીનીઓને નિશાન બનાવી અછોડા તોડવાની લૂંટમાં સંકળાયેલી હોવાનો પર્દાફાશ થતા શામળાજી પોલીસતંત્ર સહીત જીલ્લા પોલીસતંત્ર પણ મૂંઝવણમાં મુકાઈ છે.

શામળાજી વિષ્ણુ મંદિરમાં ગુરુપૂર્ણિમા નીમીત્તે ભક્તોની ભીડનો લાભ ઉઠાવી હસનાપુર (સોજા) ગામના રસીલાબેન બચુભાઈ પટેલના ગળામાં રહેલો બે તોલાના સોનાનો દોરો કી.રૂ.૩૦ હજારનો તોડી સુંદરબેન બાબુલાલ નાથ રફુચક્કર થઈ ગઈ હતી તેની સાગરીત મહિલાઓ ૧) કાજલ સુનિલભાઈ નાથ અને ૨) મનીષા ગોવિંદભાઈ નાથ (બંને,રહે.ભુદર ખેરવાડા રાજસ્થાન) પકડાઈ જતા તેમજ અન્ય એક મહિલા ભક્ત હિંમતનગરના નિરૂબા કનકસિંહ ઝાલાના ગળામાંથી પણ અછોડો તોડતી મહિલા રાધિકા સુરેશભાઈ કાલબેલિયા (રહે,ઈસવાલ,રાજસ્થાન) ને લોકોએ ઝડપી પાડી હતી મહિલાએ તેની સાથે અન્ય મહિલાઓને દોરો આપી દેતા લઈને ફરાર થઈ ગઈ હતી લોકોએ ઝડપાયેલી રાધિકા નામની મહિલાને પોલીસ ને સોંપતા શામળાજી પોલીસે અછોડા તોડતી બે જુદી જુદી મહિલા ગેંગની ત્રણ મહિલાઓને જેલના સળિયા પાછળ ધકેલી દઈ ઈપીકો કલમ-૩૭૯ (એ) (૨) , ૧૧૪ મુજબ ગુન્હો નોંધી મહિલા ગેંગની અન્ય સભ્યોને શોધવા ચક્રો ગતિમાન કર્યા હતા.

એબીવીપી દ્વારા અંબાજી કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

યાત્રાધામ અંબાજી ખાતે આવેલ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલિત અંબાજી કોમેર્સ, આર્ટ્સ અને બીસીએ કૉલેજમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ગુરૂપૂર્ણિમાના દિવસ નિમિત્તે કૉલેજના તમામ ગુરૂજનો પાસે જઈ અને તેમનું પૂજન કરી મોઢું મિઢું કરાવી અને છાત્રશક્તિ નામની પુસ્તક દરેક શિક્ષકને ભેટ આપવામાં આવી હતી. ગુરૂજનોનો આશીર્વાદ લઈ અને ગુરૂજનો પાસે ગુરૂપૂર્ણિમા, ગુરૂ અને શિષ્ય વચ્ચેના સંબંધ વિષય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંબાજી કૉલેજના તમામ ગુરૂજનો દ્વારા બધાજ વિદ્યાર્થીઓને આગળ વધો અને જીવનમાં સારી તરકી કરો તેવી શુભેચ્છાઓ પાઠવામાં આવી હતી.

હિંમતનગર આરટીઓ કચેરી દ્વારા એક વર્ષમાં ૬૫૯૩ લાયસન્સ ઈસ્યુ કરાયા

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં વિવિધ પ્રકારના વાહનો ધરાવતા વાહનચાલકોને તેમના વાહનો ફેરવવા માટે લાયસન્સની જરૂર પડે છે. ત્યારે છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા આરટીઓ કચેરી દ્વારા બંને જિલ્લાના થઈ અંદાજે ૬૫૯૩ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવ્યા હોવાની માહિતી સોમવારે વિધાનસભામાં એક પ્રશ્નના જવાબમાં રજુ કરાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રોજબરોજ દ્વિચકી અને અન્ય વાહનો લોકો જરૂરીયાત મુજબ ખરીદે છે. મોટાભાગના કિસ્સાઓમાં નવું વાહન ખરીદનારા લોકો પાસે વાહનવ્યવહાર વિભાગના નિયમ મુજબ વાહન ચલાવવા માટે લાયસન્સ હોવુ જરૂરી હોવાનો નિયમ બનાવાયો છે. ત્યારે બંને જિલ્લાના અંદાજે ૬૫૯૩ વાહનધારકોએ તા. ૩૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં આરટીઓના નિયમ મુજબ લેખિત અને પ્રેક્ટીકલ વાહનનો ટેસ્ટ આપીને નિયત ફી ભરતા કચેરી દ્વારા આવા લાયસન્સધારકોને પોસ્ટ અથવા તો આંગડીયા દ્વારા લાયસન્સ તેમના ઘરે મોકલી અપાયા છે.

એક વર્ષ દરમ્યાન આરટીઓ કચેરીને અંદાજે રૂ. ૨૧ લાખથી વધુની આવક થવા પામી છે. ત્યારે હજુ પણ રોજબરોજ અનેક વાહનચાલકો તેમના લાયસન્સ રીન્યુ કરાવા અથવા તો નવા કઢાવવા માટે આરટીઓ કચેરીની મુલાકાત લઈ રહ્યા છે. જે અંગેના એક પ્રશ્નના જવાબમાં વિધાનસભામાં જવાબરૂપે માહીતી રજુ કરવામાં આવી હતી.

શ્રીમદ મોહનરામબાપા અધ્યાત્મ આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમા નિમિતે શિષ્યોનું મહેરામણ

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સાલમપુર (મેઢાસણ)આશ્રમમાં છેલ્લા ૪૦ વર્ષ અગાઉથી દર વર્ષે ગુરૂપૂર્ણિમા મહાપર્વની ઉજવણી નિમિતે મા દર્શન કરવા મોટી સંખ્યામાં દૂર દૂરથી ભાવિકભક્તો ગુરૂજીના દર્શન તથા અધ્યાત્મીક ધ્યાન અર્થે આશ્રમમાં શિષ્યોનું મહેરામણ ઉંમટયું હતું. તારાપુર આશ્રમના આધ્ય સ્થાપક ભ્રમલિન શ્રીમદ મોહનરામબાપાને ૧૧૫ વર્ષના દીર્ઘ આયુષ્ય બાદ તારીખ ૧૪ નવેમ્બર ૧૬ને કાર્તિક માસની પૂનમના શુભ દિવસે સ્વધામ પધાર્યા ત્યાર બાદ આશ્રમની તમામ જવાબદારી સંત લક્ષ્મણરામ બાવજી સંભાળે છે. આજે પણ શ્રીમદ મોહનરામબાપાની અસીમકૃપા તથા સંત લક્ષ્મણરામ બાવજીની અધ્યાત્મીક વાણીનો લાભ લેવા સાબરકાંઠા, અરવલ્લી તથા આજુબાજુના તમામ જીલ્લાના ભાવિકભક્તોએ ગુરૂજીના ચરણસ્પર્શ કરી નત મસ્તક થઈ સાચા અર્થમાં ગુરૂ શિષ્યના પર્વને ઉજવ્યો હતો.

વીજ કંપનીના જાદર ફીડરના ૨૨ ખેડૂતોએ સોલર સિસ્ટમ અપનાવી

હિંમતનગર, તા. ૧૬

ગુજરાતમાં ખેડૂતોને ખેતી વિષયક વીજ કનેક્શન મેળવવા માટે સરકારના કેટલાક અટપટા નિયમોને લીધે જાણે કે ખેડૂતને અભિમન્યુના સાત કોઠા જીતવા પડે છે. ત્યારે તા. ૧ મે ૨૦૧૯ થી રાજ્ય સરકારે સોલર સિસ્ટમ આધારીત વીજ પુરવઠો ઉત્પન્ન કરવા માટે અમલી બનાવેલી સ્કાય યોજનાના ભાગરૂપે ઈડર તાલુકાના જાદર ફીડરના ૨૨ ખેડૂતોએ પોતાના ખેતરમાં સોલર પેનલો ઉભી કરીને વીજ પુરવઠો ઉત્પન્ન કરી વધારાની વીજળી વીજ કંપનીને વેચીને વાધારાની આવક ઉભી કરવા માટેની દિશામાં પ્રયાસ શરૂ કર્યા છે.

આ અંગે જાદર ફીડરમાં સોલર આધારીત વીજ પેનલ પોતાના ખેતરમાં ઉભી કરી વીજળી મેળવતા ખેડૂતોના દાવા મુજબ આ સિસ્ટમને કારણે તેઓ ખાસ કરીને દિવસે બાર કલાક વીજળી પુરવઠો મેળવી રહ્યા છે. જેના લીધે રાત્રે ખેતરમાં પાણી વાળવા જવાનું બંધ થઈ ગયું છે. અને ઉજાગરામાંથી છુટકારો મળ્યો છે. આ સોલર પેનલ ઉભી કરવા માટે થતા ખર્ચની ૫૦ ટકા રકમ ખેડૂત ભોગવે છે. બાકીની રકમ કેન્દ્ર અને રાજ્ય સરકારની સ્કાય યોજના હેઠળ સબસીડીરૂપે મળે છે.

જોકે શરૂઆતના સાત વર્ષ સુધી આ સોલર પેનલની માલિકી જે તે સોલર પેનલ ઉભી કરનાર કંપનીની હોય છે. ત્યારબાદ તેની માલિકી ખેડૂતની થઈ જાય છે. ખેતરમાં ઉભી કરવામાં આવતી આ સોલર પેનલમાં ત્રણ મીટર લગાવવામાં આવે છે જે પૈકીનું એક મીટર કેટલી વીજળી ઉત્પન્ન થાય છે તે બતાવે છે. બીજુ મીટર ખેડૂત જેટલા યુનિટ વાપરે તે બતાવે છે. જ્યારે ત્રીજુ મીટર કેટલા યુનિટની બચત થઈ તે બતાવે છે. આ બચેલી વીજળી વીજ કંપની ખેડૂત પાસેથી પ્રતિ યુનિટના રૂ. ૩.૫૦ના ભાવે ખરીદી લે છે. જેથી ખેડૂતને વધારાની આવક શરૂ થઈ જાય છે.

આ સોલર સિસ્ટમ થકી ઉનાળામાં અંદાજે ૬૫ યુનિટથી વધુની વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા છે. જોકે ચોમાસામાં આ સોલર સિસ્ટમથી સૂર્ય પ્રકાશ ઓછો મળતો હોવાથી અંદાજે ૨૫ થી ૩૦ યુનિટ વિજળી પેદા કરી શકાય છે. આમેય ચોમાસામાં વરસાદ પડતો હોવાને કારણે ખેડૂતો પોતાના બોર કૂવા ચલાવવા માટે વીજ મોટરનો ઉપયોગ ન કરતા હોવાથી આ સમય દરમ્યાન ઉત્પન્ન થયેલી વીજળી વીજ કંપની ખરીદી લેતી હોવાની ખેડૂતને પ્રતિમાસ અંદાજે રૂ. ૨૫૦૦થી વધુની આવક થાય છે.